ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, **ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૮૯/૨૩-૨૪/313 તારીખ : 05 APR 2024

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી સ્વામીનારાયણ મંદિર,**
ઈટાવાયા,
તા.ગીર ગઢડા,
જી.સોમનાથ

કેસ નં.૮૯/૨૩-૨૪

મો.નં- ૯૧૫૭૩ ૬૯૬૦૩

**વિષય : ઓડીટ રીકવરીનું બીલ રદ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૨/૦૨/૨૦૨૪ જે અત્રેની કચેરીને મળ્યા તા.૦૨/૦૩/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૯/૨૩-૨૪/૧૯૩ તા.૦૪/૦૩/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૮૯/૨૩-૨૪/૨૧૯ તા.૧૨/૦૩/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૧/૦૩/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ઉના.**

***.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ગીર ગઢડા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૮૯/૨૩–૨૪** ☜

**વાદી** :– **શ્રી સ્વામીનારાયણ મંદિર**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૧/૦૩/૨૦૨૪** ◈

**વાદી** :– ગેરહાજર

પ્રતિવાદી :– **શ્રી જે.સી.રૈયાણી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ઉના.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી સ્વામીનારાયણ મંદિર, મું.ઈટવાયા, તા.ગીર ગઢડા, જી.સોમનાથની ઓડીટ રીકવરીનું બીલ રદ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૮૯/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/૮૯/૨૩–૨૪/૧૯૩ તા.૦૪/૦૩/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૧/૦૩/૨૦૨૪** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી સ્વામીનારાયણ મંદિર વતી તેમના પ્રતિનિધિ શ્રી ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી જે.સી.રૈયાણી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ઉના ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદી અરજદાર શ્રી સ્વામીનારાયણ મંદિર(ટ્રસ્ટ), ઈટવાયા વતી મનોજભાઈ લાખાભાઈ અને બાબુભાઈ વડોદરિયા દ્વારા એસ.એ(ઓડીટ) અમરેલી દ્વારા કરવામાં આવેલ એપ્રિલ–૨૦૨૦ થી માર્ચ–૨૦૨૧ ની ઓડીટ મુજબ ટેરીફ ચેંજની ઓડીટ રીકવરીની રકમ બાબતે નીચે મુજબ રજુઆત કરેલ છે.

૧.૨ વાદી અરજદારશ્રી સ્વામીનારાયણ મંદિર (ટ્રસ્ટ) ઈટવાયા વતી મનોજભાઈ લાખાભાઈ દ્વારા નાયબ ઈજનેર, ગીર ગઢડાને ગ્રા.નં–૬૧૨૭૧૦૦૦ નાયબ ઈજનેર, ગીર ગઢડાને ગ્રા.નં–૬૧૨૭૧૦૦૦૪૭૪ વાળું ઈટવાયા મુકામે આવેલ વીજ જોડાણમાં ઓડીટી રીકવરી મુજબ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

આરજીપીયુ માંથી એનઆરજીપી ની તફાવતની રકમ રૂ.૨૮૪૧૩/૪૭ ભરપાઈ કરવા બાબતે તેઓ દ્વારા જણાવેલ કે, શ્રી સ્વામીનારાયણ મંદિર ટ્રસ્ટ હેઠળ આવેલ છે. અમારા દ્વારા આ જગ્યા પણ શ્રી સ્વામીનારાયણ મંદિરના નામે જ આવેલ છે. જો વીજ કનેકશન જીએલપી કેટેગરી માં અમારો સમાવેશ કરેલ હોત તો, અમારે કોઈ જાતની રકમ ભરવાની થાય નહી તેવું તેમના પત્ર તા.૨૨/૦૮/૨૦૨૩ થી જણાવેલ છે.

૧.૩ વાદીશ્રી દ્વારા ફરીથી તા.૧૩/૦૯/૨૦૨૩ ના રોજ નાયબ ઈજનેર ગીર ગઢડાને સંદર્ભ પત્ર નં– ગી.ગ./રેવ./૬૨૪૦ તા.૨૫/૦૮/૨૦૨૩ મુજબ માંગવામાં આવેલ ટ્રસ્ટની નોંધણી બાબતે તેમના દ્વારા જણાવવામાં આવેલ કે, વેચાણ દસ્તાવેજમાં ટ્રસ્ટનો ઉલ્લેખ કરેલ છે, તેમજ જે મંદીરની જગ્યા છે ત્યાં કોઈ કોમર્શિયલ પ્રવૃતિ કરવામાં આવતી નથી. તથા જે કોમર્શિયલ મુજબ બીલ ભરપાઈ કરવાનું જણાવેલ છે તે અયોગ્ય છે. તથા તેઓ ભરપાઈ કરવા પણ સક્ષમ નથી તેમજ ઓડીટ રકમ ભરપાઈ કરવાનું દર્શાવેલ છે તે માફ કરવા વીનંતી કરેલ છે તેમજ અમારૂં અગાઉનું જે રેસીડન્ટ તરીકે જે વીજ કનેકશન આપેલ તેને જીએલપી તરીકે સ્વીકારી વીજ બિલમાં યોગ્ય કરવા જણાવેલ છે.

૧.૪ વાદીશ્રી દ્વારા ફરીથી તા.૨૨/૦૯/૨૦૨૩ ના રોજ કાર્યપાલક ઈજનેર, ઉના ને સંદર્ભ પત્ર નં– ગી.ગ/રેવ/૬૨૪૦ તા.૨૫/૦૮/૨૦૨૩ મુજબ માંગવામાં આવેલ ટ્રસ્ટની નોંધણી બાબતે તેમના દ્વારા જણાવવામાં આવેલ કે, વેચાણ દસ્તાવેજમાં ટ્રસ્ટનો ઉલ્લેખ કરેલ છે તેમજ જે મંદીરની જગ્યા છે ત્યાં કોઈ કોમર્શીયલ પ્રવૃતિ કરવામાં આવતી નથી. તથા જે કોમર્શિયલ મુજબ બીલ ભરપાઈ કરવાનું જણાવેલ તે અયોગ્ય છે. તથા તેઓ ભરપાઈ કરવા પણ સક્ષમ નથી તેમજ ઓડીટ રકમ ભરપાઈ કરવાનું દર્શાવેલ છે તે માફ કરવા વીનંતી કરેલ છે તેમજ અમારૂં અગાઉનું જે રેસીડન્ટ તરીકે વીજ કનેકશન આપેલ તેને જીએલપી તરીકે સ્વીકારી વીજ બીલમાં યોગ્ય કરવા જણાવેલ છે.

૧.૫ વાદી અરજદારશ્રી સ્વામીનારાયણ મંદિર (ટ્રસ્ટ) વતી મનોજભાઈ લાખાભાઈ, ઈટવાયા, દ્વારા ગ્રાહક નં ૬૧૨૭૧૦૦૦૪૭૪ વાળું કનેકશન આર.એલ.થી એનઆરજીપી મુજબ રીકવરી આપેલ છે. જેમાં, અમારૂં વીજ જોડાણ જીએલપી માં આવેલ છે. જેનો રજીસ્ટ્રેશન નં–એ–૪૦૦ તા.૨૭/૧૨/૧૯૬૩ થી થયેલ છે. તો, અમારૂં વીજ કનેકશન આરએલ થી જીએલપી તરીકે ગણીને અમોને ઓડીટ કવેરીમાં ભરવાની થતી રકમ માફ કરી આપવા તા.૨૫/૧૧/૨૦૨૩ થી અરજી કરેલ છે.

૧.૬ શ્રી વાદી દ્વારા તા.૨૨/૦૨/૨૦૨૪ થી કન્વીનરશ્રી, ગ્રાહક ફોરમ, પીજીવીસીએલ, ઝોનલ ઓફીસ, ભાવનગર ને ઉપરોકત જીએલપી મુજબનું બીલ નવેમ્બર–૨૦૧૧ થી ન ગણવા તેમજ તે બીલ એક વર્ષનું રીવાઈઝ કરવા અરજ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ વાદી અરજદારશ્રી સ્વામીનારાયણ મંદિર(ટ્રસ્ટ), ઈટવાયા ને નાયબ ઈજનેર, ગીર ગઢડા દ્વારા આરજીપીયુ માંથી એનઆરજીપી ની ઓડીટ રીકવરી મુજબ તેમના ગ્રાહક નં–૬૧૨૭૧૦૦૦૪૭૪ વાળું ઈટવાયા મુકામે આવેલ વીજ જોડાણની રકમ રૂ.૨૮૪૧૩/૪૭ ભરપાઈ કરવા ગીર ગઢડા/રેવ/બીલીગ/૭૫૯ તા.૦૨/૦૩/૨૦૨૩ થી રકમ ભરપાઈ કરવા માટેની જાણ કરેલ હતી.

૨.૨ વાદી અરજદારશ્રી સ્વામીનારાયણ મંદિર(ટ્રસ્ટ), વતી મનોજભાઈ લાખાભાઈ, ઈટવાયાને નાયબ ઈજનેરશ્રી, ગીર ગઢડા દ્વારા પત્ર નં–ગીર ગઢડા/રેવ/૬૨૪૦ તા.૨૫/૦૮/૨૦૨૩ થી તેમના ગ્રાહક નં–૬૧૨૭૧૦૦૦૪૭૪ વાળું ઈટવાયા મુકામે આવેલ વીજ જોડાણમાં આરજીપીયુ માંથી જીએલપી તરીકે ગણવા માટે ચેરીટી કમિશ્નરશ્રી ની કચેરીમાં નોંધાયેલ દાખલો તથા ટ્રસ્ટ ડીડ તથા આનુશંગીક દસ્તાવેજી પુરાવાના આધારે જીએલપી વીજ કનેકશન આપવામાં આવે છે. જેથી આપની તા.૨૨/૦૮/૨૦૨૩ ની અરજી ગ્રાહય રાખી શકાય તેમ ન હોવાથી સદર અરજી દફતરે કરવામાં આવેલ હતી.

૨.૩ વાદીની તા.૨૨/૦૯/૨૦૨૩ ની વિભાગીય કચેરી ને કરેલ અરજીના સંદર્ભે પત્ર મુજબ નાયબ ઈજનેરશ્રી, ગીર ગઢડા ને ઉનાડી/એકા/રેવ/લીગલ/૪૨૯૪ તા.૧૬/૧૦/૨૦૨૩ થી કંપનીના નિયમ મુજબ જરૂરી કાર્યવાહી કરવા અત્રેથી જાણ કરેલ છે.

૨.૪ અત્રેની વિભાગીય કચેરીના સંદર્ભ પત્ર નં–ઉનાડી/એકા/રેવ/લીગલ/૪૨૯૪ તા.૧૬/૧૦/૨૦૨૩ મુજબ નાયબ ઈજનેરશ્રી, ગીર ગઢડા દ્વારા પત્ર નં–ગી.ગ/રેવ/૬૮૫૦ તા.૧૮/૧૦/૨૦૨૩ થી ઉપરોકત રકમ ત્રણ દિવસમાં ભરપાઈ કરવા તથા તેમ ન કરવાથી કંપનીના નિયમ મુજબ કાર્યવાહી કરવાની ફરજ પડશે તેમ ગ્રાહકને જાણ કરેલ છે.

૨.૫ નાયબ ઈજનેરશ્રી, ગીર ગઢડા દ્વારા તેમના પત્ર નં–ગી.ગ/રેવ/૨૫૦ તા.૧૮/૦૧/૨૦૨૪ થી શ્રી સ્વામીનારાયણ મંદીર (ટ્રસ્ટ) વતી મનોજભાઈ લાખાભાઈ, ઈટવાયા દ્વારા ગ્રાહક નં–૬૧૨૭૧૦૦૦૪૭૪ નું કનેકશન આરજીપીઆર/એનઆરજીપી માંથી જીએલપી માં ટ્રાન્સફર કરવા માટે ગ્રાહક દ્વારા ટ્રસ્ટ નોંધણી પત્ર રજૂ કરવામાં આવેલ જે મુજબ આરજીપીઆર/એનઆરજીપી મુજબની રીકવરીની રકમ જમા આપી અને આરજીપીઆર માંથી જીએલપી મુજબની રકમ ઉધારવા બાબતે પ્રપોજલ મોકલેલ હતી જે મુજબ.

૨.૬ નાયબ ઈજનેરશ્રી, ગીર ગઢડા ને અત્રેની કચેરી દ્વારા પત્ર નં–ઉનાડી/એકા/રેવ/૩૬૪ તા.૧૯/૦૧/૨૦૨૪ સદર ગ્રાહકના તમામ દસ્તોજી પુરાવાનો અભ્યાસ કરીને સદર ગ્રાહકને જમા/ઉધાર એડજસ્ટેમેન્ટ આપવા માટે જાણ કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૨.૭ નાયબ ઈજનેરશ્રી, ગીર ગઢડા દ્વારા તેમના પત્ર નં–ગી.ગ/બીલીંગ/૪૭૭ તા.૦૮/૦૨/૨૦૨૪ થી શ્રી સ્વામીનારાયણ મંદીર(ટ્રસ્ટ) વતી મનોજભાઈ લાખાભાઈ ઈટવાયા દ્વારા ગ્રા.નં–૬૧૨૭૧૦૦૦૪૭૪ નું કનેકશન આરજીપીઆર/એનઆરજીપી માંથી જીએલપી મુજબ ગણતરી કરી જમા/ઉધાર કરી તેમને ભરવાપાત્ર રકમ રૂ.૧૭૭૪૬/૯૯ દિવસ–૩ માં ભરપાઈ કરવા માટે જણાવેલ.

૨.૮ જેમની સામે વાદી દ્વારા તા.૨૨/૦૨/૨૦૨૪ થી કન્વીનર શ્રી, ગ્રાહક ફોરમ, પીજીવીસીએલ, ઝોનલ ઓફીસ, ભાવનગર ને ઉપરોકત જીએલપી મુજબનું બીલ નવેમ્બર–૨૦૧૧ થી ન ગણવા તેમજ તે બીલ એક વર્ષનું રીવાઈઝ કરવા અરજ કરેલ છે.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદીશ્રી સ્વામીનારાયણ મંદિર વતી શ્રી મનોજભાઈ લાખાભાઈ, મું.ઈટાવયા, તા.ગીર ગઢડા દ્વારા તેમના મંદિરના વીજ કનેકશનમાં પ્રતિવાદી દ્વારા વર્ષ એપ્રિલ–૨૦ થી માર્ચ–૨૨ ના સમયની ઓડીટ રીકવરી કાઢતા ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ તા.૨૧/૦૩/૨૦૨૪ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ છે. જેમાં, વાદી હાજર રહેલ નથી. પ્રતિવાદીએ હાજર રહી રજૂઆતો કરેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસની વિગત મુજબ વાદી ગ્રાહક નં–૬૧૨૭૧/૦૦૦૪૭/૪ થી ટ્રસ્ટ સંચાલીત મંદિરનું વીજ કનેકશન ધરાવે છે. જેમાં, પ્રથમ પ્રતિવાદીની ઓડીટ ટીમ દ્વારા RGPU માંથી NRGP કેટેગરી લાગુ પડતી હોઈ, રૂ.૨૮,૪૧૩/૪૭ ની ઓડીટ રીકવરી કાઢવામાં આવેલ, જે ભરપાઈ કરવા માટે પ્રતિવાદી તા.૦૨/૦૩/૨૦૨૩ થી જાણ કરેલ. જેને લઈ વાદી દ્વારા પ્રથમ તા.૨૨/૦૮/૨૦૨૩ થી તેમજ ત્યારબાદ, તા.૧૩/૦૯/૨૦૨૩ અને તા.૨૨/૦૯/૨૦૨૩ થી વાદીની પેટા વિભાગીય કચેરી અને વિભાગીય કચેરીને સદરહુ મંદીરનું વીજ કનેકશન ટ્રસ્ટ સંચાલીત હોઈ જીએલપી કેટેગરી હેઠળ નું બીલીંગ કરવા અરજી કરતા પ્રતિવાદીની પેટા વિભાગીય કચેરી દ્વારા વાદીના કનેકશનને તા.૧૮/૦૧/૨૦૨૪ ના પત્રથી વાદી દ્વારા રજુ કરેલ ટ્રસ્ટની નોંધણી પત્રક ના પત્રને ધ્યાને લઈ RGPU/NRGP મુજબની રકમ જમા આપી RGPU માંથી GLP ટેરીફ મુજબની રકમ અંગેની ગણતરી કરીને તેમના તા.૦૮/૦૨/૨૦૨૪ ના પત્રથી વાદીને તફાવતની રકમ રૂ.૧૭,૭૪૬/૯૯ ની રકમ ભરપાઈ કરવા જણાવેલ. જેની સામે વાદીએ ફોરમને રજુઆત કરેલ છે, તેમજ વર્ષ–૨૦૧૧ થી GLP મુજબ ન ગણવા વિનંતી કરેલ છે.

૩.૪ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજો, સેલ ડીડ, નોંધણી રજીસ્ટ્રાર નો પત્ર, ઓડીટ રીપોર્ટ વગેરે દસ્તાવેજોને ધ્યાને લેતા, ફોરમ નીચેના અવલોકનોની નોંધ કરે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(૧) ઓડીટ રીપોર્ટ તા.૦૬/૧૨/૨૦૨૨ નો છે માટે તા.૦૬/૧૨/૨૦૨૨ થી ઓડીટ રીકવરી NRGP ટેરીફ પ્રમાણે પાછલા ૨ વર્ષ ની કરવાની થાય છે. આથી, વાદીની અગાઉની ગણતરી કરેલ રકમ એટલે કે, નવે–૨૦૧૧ થી તા.૦૫/૧૨/૨૦૨૦ સુધીની ગણતરી રદ કરવાપાત્ર છે.

(૨) વિભાગીય કચેરી દ્વારા પૂરેપૂરા સમયની GLP ટેરીફ હેઠળની ગણતરી કરેલ છે, માટે તે વાદીની અરજીની તા.૧૪/૦૯/૨૦૨૩ ની અરજી પહેલા એટલે કે, તા.૦૭/૧૨/૨૦૨૨ થી તા.૧૪/૦૯/૨૦૨૩ સુધીના સમયગાળાની NRGP ટેરીફ પ્રમાણેની ગણતરી કરવી, ત્યારબાદની ગણતરી જીએલપી ટેરીફ મુજબ કરવી.

૩.૫ વાદી આજરોજની સુનાવણીમાં સમયસર પહોંચી શકવા અસમર્થ હોઈ તેઓશ્રી સાથે ટેલીફોનીક ચર્ચા કરેલ અને વિગતવાર રજુઆતો સાંભળી હોઈ અન્ય સુનાવણી રાખવાની જરૂરિયાત જણાતી નથી અને તેના અનુસંધાને આ અંતિમ નિર્ણય કરવામાં આવે છે. આથી, અરજદારે ઉપરોક્ત 3.4 મુજબની ઘટાડેલ રકમ ભરવાની થાય છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

30/03
**(બી.આર.વડાવીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૨૧/૦૩/૨૦૨૪.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar